

# બદનામ થઈને નામ થયું છે ઉર્ફીનું

સેન્સેશન

ઉર્ફી જાવેદ ચર્ચાસ્પદ અને વિવાદાસ્પદ નામ છે પણ તેના કારણે જ તેની નામના છે અને એ નામનાને કારણે જ તે ફિલ્મોની સફર સુધી પહોંચી છે. તેની બોલ્ડ ફેશન સેન્સ અને ફાવે તેવાં નિવેદનો ઘણાને ઉશ્કેરે છે પણ તે બહુ બિન્દાસ છે. આજકાલ બદનામીથી પણ નામ મળતું હોય છે. લખનૌની ઉર્ફીએ મુંબઈમાં ચર્ચાસ્પદ બનવું હતું અને બની છે. 'બડે ભૈયા કી દુલ્હનિયાં', 'પૂંજ બિટ', 'કસૌટી ઝિંદગી કી' અને 'એ મેરે હમસફર' ટી.વી. સિરીયલોમાં તેણે પોતાની હાજરીથી સાબિત પણ કર્યું કે પોતે ઉહાપોહના નુસખાથી વધુ કરી શકે છે. બાકી, તે પણ બીજી રાખી સાવંત બની જવાની તૈયારીમાં હતી. ઉર્ફી જાવેદ હવે 'લવ સેક્સ ઔર ધોખા-2'માં આવી રહી છે. આ એવી ફિલ્મ છે જેમાં ઉર્ફી જેવાની ઈમેજ વધારે કામ લાગી શકે. એકતા કપૂર આ ફિલ્મની નિર્માત્રી છે એટલે આ પ્રકારની ફિલ્મમાં ઉર્ફીનું મહત્ત્વ સમજે છે. ઉર્ફીની આ પહેલી જ ફિલ્મ છે. ફિલ્મમાં પ્રેમ અને સેક્સનું મિશ્રણ છે એટલે ઉર્ફી પર્ફેક્ટ છે. ઉર્ફી કોઈ બ્યુટીફુલ એક્ટ્રેસ નથી પણ જેને સૌંદર્યથી વધુ પોતાના નગ્ન શરીર પર ભરોસો હોય તેનું તો લોકો શરીર જ જુએ, સૌંદર્ય નહીં. 2010માં 'લવ સેક્સ ઔર ધોખા' બની તેમાં રાજકુમાર રાવ, નુસરત ભરૂચા, નેહા ચૌહાણ વગેરે હતા અને આ વખતે બધા જ કળાકારો બદલાયા છે કારણ કે આ ફિલ્મમાં વિષય મહત્ત્વનો છે, સ્ટાર મહત્ત્વના નથી એટલે ઉર્ફી આ ફિલ્મમાં આવી ગઈ છે. 'MTV સ્પ્લીટ્સવીલા'ની 14મી સિઝનમાં હમણાં દેખાયેલી ઉર્ફી 'બીગ બોસ OTT', 'મેરી દુર્ગા', 'ફેરો કી હેરાફેરી', 'યે રિશ્તા કયા કહેલાતા હૈ' દેખાઈ હતી. 'લવ સેક્સ ઔર ધોખા-2' બોલ્ડનેસની બધી સીમા પાર કરશે એટલે ઉર્ફીને તો આ ફિલ્મ જાણે એકદમ પોતાની લાગતી હશે. આ ફિલ્મની વાર્તા એક રિયાલિટી શોની થીમ પર આધારિત છે, જેમાં સ્પર્ધકને શો જીતવા માટે કોઈ પણ હદ સુધી જવાનું હોય છે. આ ફિલ્મના ટીઝરમાં અનુ મલિક અને તુષાર કપૂરને એક રિયાલિટી શોના જજ તરીકે દર્શાવાય છે. ઉર્ફીની ફિલ્મી કારકિર્દી કેટલી આગળ વધે એમ કહી શકાય એમ નથી કારણ કે રાખી સાવંત, મલ્લિકા શેરાવતની કારકિર્દી પણ આગળ નથી વધી. ફિલ્મોમાં માત્ર ઉત્તેજના જગાડનારાં કળાકારો નથી ચાલતાં. ઉર્ફી સોશ્યલ મિડીયા પર પોતાનાં ચાહકો મેળવી શકે પણ ફિલ્મમાં તેણે પોતાની જૂદી ટેલેન્ટ દેખાડવી પડે. ●

# અર્જુનનાં બધાં તીર નિશાન ચૂકી ગયાં છે

એક્ટર્સ લાઈફ



અર્જુન કપૂરની જિંદગીમાં આમ જુઓ તો અત્યારે કશું જ બની નથી રહ્યું. ફિલ્મોની વાત છોડો, મલાઈકા અરોરા સાથેના પ્રેમસંબંધ પણ અટકી ગયા છે. શું અર્જુન કપૂર પોતાની કારકિર્દી વિશે પસ્તાતો હશે? હમણાં અર્જુનના પિતા બોની કપૂરે કહ્યું છે કે અર્જુન ફિલ્મોમાં કામ કરશે એવો વિચાર સલમાન ખાનનો હતો. બોનીએ કહ્યું કે હું મારી પ્રથમ પત્ની મોનાથી અલગ થયો ત્યારે કદી વિચાર્યું ન હતું કે અર્જુન અભિનેતા બનવા માંગે છે પણ સલમાને એક દિવસ મને ફોન કરીને કહ્યું કે, 'બોની સર, એ અભિનેતા બનશે. તેનામાં અભિનેતા બનવાનાં જ લક્ષણ છે! સલમાને જ્યારે અર્જુન વિશે આ વાત કહી ત્યારે અર્જુન 140 કિલોનો હતો. સલમાને તેને કહ્યું કે 'મેં તુમ્હારે અંદરસે એક ઈન્સાન નિકાલુંગા.' અર્જુન સતત સલમાન સાથે રહેવા માંડ્યું અને જોતજોતામાં ફિલ્મ માટે તૈયાર થઈ ગયો. જો કે આજે સ્થિતિ એ છે કે સલમાનના જ ભાઈની પત્ની રહેલી મલાઈકા અરોરા સાથે અર્જુનને સંબંધ છે અને મલાઈકા પહેલાં સલમાનની જ બહેન અર્પિતા સાથે તેને સંબંધ હતા. અર્પિતા તો હવે આયુષ શર્માની પત્ની છે પણ અર્જુને સલમાનની બહેન અને ભાભી સાથે સંબંધ રાખીને સલમાનનો વિશ્વાસ ભંગ કર્યો છે. પરંતુ આ બધું કરવા પછીય અર્જુન કપૂર અભિનેતા તરીકે તો સફળ નથી જ રહ્યો. મતલબ સલમાનની એ ધારણા પણ ખોટી પડી છે કે અર્જુનમાં સારા અભિનેતાનાં લક્ષણ છે. અર્જુને 'કલ હોના હો'માં નિખિલ અડવાણીના સહાયક તરીકે કારકિર્દી શરૂ કરેલી અને પછી 'ઈશ્ક ઝાદે' થી અભિનેતા તરીકે આવેલો. ત્યાર પછી તેની 'ઔરંગઝેબ', 'ગુંડે', ' 2 સ્ટેટસ', 'તેવર', 'કી એન્ડ કા', 'હાફ ગર્લફ્રેન્ડ થી માંડી 'એક વિલન રિટર્ન્સ', કુતૈ અને 'ધ લેડી કિલર ફિલ્મ આવી છે પણ કારકિર્દી ઠેરની ઠેર છે. અત્યારે પણ તેની 'સિંઘમ અગેઈન' અને 'મેરે હસબન્ડ કી બીવી' નામની ફિલ્મ આવી રહી છે. લોકો આજે પણ તેને હીરો તરીકે લે છે. તે એક મલયાલમ ફિલ્મની રિમેકમાં જોહન સાથે પણ આવશે. ●

# ગુજરાતી સિનેમાએ આપણું કલ્ચર જાળવી રાખ્યું છે : હીના

**સુરતની સુંદર છોકરી અને ગુજરાતી સિનેમાની જાણીતી અભિનેત્રી હિના જયકિશન જેમણે ફિલ્મ 'નાસુર', 'મીરા' અને 'કચ્છ એક્સપ્રેસ' જેવી ફિલ્મોમાં અદભુત અભિનયના માધ્યમથી દર્શકોને ખૂબ આકર્ષિત કર્યા અને ભરપૂર મનોરંજન કર્યું, હાલમાં તેઓ પોતાની આગામી ફિલ્મ 'ચુપ'ને લઈને ખૂબ જ ચર્ચામાં છે, તમને જણાવી દઈએ હીનાની આગામી ફિલ્મ 'ચુપ'માં તેઓ હિતેન કુમાર સાથે મુખ્ય પાત્રમાં નજરે ચડશે. જ્યારે અમારી તેમની સાથે ઇન્ટરવ્યૂ દરમિયાન વાતચીત થઈ ત્યારે તેમણે ઘણી બધી રસપ્રદ વાતો શેર કરી....**

ફેસ ટુ ફેસ
-દિનેશ ઝાલા



**'નાસૂર' ફિલ્મમાં તમે ખૂબ જ અદભુત પાત્ર ભજવ્યું હતું. પહેલીવાર હિતુ કનોડિયા સાથે કામ કર્યું આ ફિલ્મનો અનુભવ કેવો રહ્યો અને ફિલ્મ તમારા કરિયર માટે કેટલી સફળ સાબિત થઈ?**

આ ફિલ્મ જ્યારે મને ઓફર કરવામાં આવી ત્યારે મને ફિલ્મની વાર્તા ખૂબ જ ગમી હતી. જ્યારે મને ખબર પડી કે આ ફિલ્મોમાં હિતુ સર લીડ રોલ કરી રહ્યા છે એટલે મેં વિચાર્યું કે હિતુ કનોડિયા જોડે કામ કરવાનો લ્હાવો મારે લેવો જોઈએ. મેં પહેલીવાર હિતુ કનોડિયા જોડે કામ કર્યું ત્યારે હું થોડી નર્વસ પણ હતી. 'નાસૂર'માં મારું ત્રણ દિવસનું શૂટ હતું પરંતુ તેમનો સ્વભાવ અને કામ કરવાની જે રીત છે તેમનાથી હું ઘણું બધું શીખી છું!

**અત્યાર સુધીમાં તમે જે ફિલ્મોમાં કામ કર્યું છે તેમાંની કઈ ફિલ્મ તમારા માટે માસ્ટરપીસ ફિલ્મ સાબિત થઈ છે?**

બધી જ ફિલ્મો મારા માટે ખૂબ જ મહત્વની છે અને બધી જ ફિલ્મોમાં મેં ઘણું બધું શીખ્યું છે પરંતુ મારી પહેલી ફિલ્મ જે ડેબ્યૂ હતી 'કચ્છ એક્સપ્રેસ' આ ફિલ્મ મારા માટે ખૂબ જ લકી સાબિત થઈ. આ ફિલ્મ બાદ મને ઘણી બધી પ્રતિક્રિયાઓ મળી હતી એટલું જ આ ફિલ્મમાં મેં કરેલું કામને ઘણા લોકોએ વખાણીયું હતું, આ સિવાયની ફિલ્મોની વાત કરીએ તો 'મીરા' ફિલ્મ મારા માટે ખૂબ જ અગત્યની રહી. આમ તો ઘણી બધી ફિલ્મો મહિલાઓ પર આધારિત હોય છે પરંતુ 'મીરા'માં મેં જે રીતનું પાત્ર મહિલા આધારિત પર વાર્તા દેખાડવામાં આવી છે આવી ફિલ્મો મારા ખ્યાલથી ખૂબ જ ઓછી હશે, આ ફિલ્મને આંતરરાષ્ટ્રીય એવોર્ડ પણ મળી ચૂક્યા છે!

**આજની ગુજરાતી સિનેમામાં જે રીતની વાર્તાઓ અને નવીનતા જોવા મળે છે તેને ધ્યાનમાં રાખીને તમને લાગે છે કે તમે પોતાની પ્રતિભા સરળતાથી ફિલ્મોમાં સ્થાપિત કરી શકશો?**

પહેલા જે ગુજરાતી ફિલ્મ બનતી તે દર્શકોને ત્યારની ફિલ્મો જોવાની ગમતી હતી જેમ-જેમ સમય બદલાતો જાય છે તેમ ગુજરાતી સિનેમા પણ ધીરે-ધીરે બદલાતી જાય છે, ખાસ કરીને જ્યારે આજની ગુજરાતી સિનેમામાં જે ફિલ્મો બને છે તેમાં અભિનેત્રી તરીકે હું બધી જ પ્રકારની ભૂમિકા ભજવવા માટે તૈયાર છું, અને આજની ફિલ્મોની વાર્તા જે અભિનેત્રી માટે પડકારરૂપ હોય છે એ પડકારને ઝીલવાની અને સામનો કરવાની મને ખૂબ જ મજા આવે છે, એટલું જ નહીં દરેક કલાકારોને અલગ-અલગ પાત્રો ભજવવાની ભૂખ હોય છે!

**તમારા પરિવારમાંથી સિનેમા જગત સાથે કોઈપણ પ્રકારનો નાતો નથી, છતાં ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાં આવવું તમારા માટે કેટલું સરળ હતું?**

હું ઈલેક્ટ્રોનિકલ એન્જિનિયર છું અને મુંબઈમાં નોકરી કરતી હતી મુંબઈમાં મેં ત્રણ વર્ષ એલએન્ડટી કંપનીમાં જોબ કરી છે, મને એક્ટિંગ અને સિનેમા ઈન્ડસ્ટ્રી ખૂબ જ ગમતી હતી અને મને પહેલેથી જ શોખ હતો પરંતુ પહેલા હું મારા પગ ભર ઊભી થઈ અને પછી મેં સિનેમાને અપનાવ્યો, મને એક્ટિંગનો કીડો તો હતો જ, એટલે મેં મારી જોબ છોડીને હું ઓડિશન આપતી હતી, લોકડાઉન દરમિયાન ઘણી બધી પરિસ્થિતિ બદલાઈ ગઈ હતી. કારણ કે ત્યારે મારી પાસે જોબ નહોતી અને એક્ટિંગનો સ્કોપ પણ નહોતો, એકવાર મને ગુજરાતી ફિલ્મના ઓડિશન વિશે માહિતી મળી ત્યારે મે ફિલ્મનું ઓડિશન આપ્યું અને હું સિલેક્ટ થઈ ગઈ અને મને 2020માં પહેલી ફિલ્મ મળી 'કહી દે,ને પ્રેમ છે' આ ફિલ્મોમાં મારો પહેલો બ્રેક હતો, આ ફિલ્મ બાદ મારી સિનેમા સાથેની જર્ની શરૂ થઈ અને મને ધીમે-ધીમે કામ મળવા લાગ્યા!

**જે પાત્રો તમે પસંદ નથી કરતા જેમ કે ગ્લેમરસ રોલ હોય કે પછી હોટ પાત્ર હોય, આવા પાત્રો જ્યારે તમને ઓફર કરવામાં આવે તો, શું તમે મોટા દિગ્ગજ કલાકારો સાથેની ફિલ્મો ઠુકરાવા તૈયાર છો?**

આ બાબતે હું કોઈ સ્ટેટમેન્ટ આપવા નથી માંગતી કે હું આ પાત્રો બિલકુલ કરીશ જ નહીં, કારણ કે દરેક પ્રકારના પાત્રો ભજવવાની કલાકારોને ભૂખ હોય છે. પાત્ર ગમે તે હોય ભલે પછી ગ્લેમરસ હોય કે પછી હોટ પાત્રો હોય, પરંતુ આવા પાત્રો સારી રીતે દર્શાવવામાં અથવા પ્રેઝન્ટ કરવામાં આવે તો હું બિલકુલ કરીશ, ગુજરાતી સિનેમાએ આપણું કલ્ચર જાળવી રાખ્યું છે અને આ વસ્તુ મને ખૂબ જ ગમે છે, મારું માનવું છે કે તમે સ્ક્રીન પર તમારું પરફોર્મન્સ કેવું આપો છો તેના પર નિર્ભર કરે છે પછી પાત્ર ભલે ગમે તે હોય! ●



# જાની, હું પણ છું રાજકુમાર!

સ્ક્રિન શૉટ

રાજકુમાર રાવને શું પ્લાસ્ટિક સર્જરીની જરૂર પડી? હમણાં તે થોડા નવા લુકમાં દેખાયો તો અફવા ઊડી કે તેણે પ્લાસ્ટિક સર્જરી કરાવી છે. રાજકુમારે કહેવું પડ્યું કે ના ભાઈ ના, મેં એવી કોઈ પ્લાસ્ટિક સર્જરી નથી કરાવી પણ હા, એ વાત તો કબૂલે છે કે તેને વધારે આત્મવિશ્વાસ મેળવવાની જરૂર પડી છે. 'શાહીદ', 'કાઈપો છે' 'ધ વ્હાઈટ ટાઈગર', 'ગેંગ્સ ઓફ વાસેપૂર-2', 'લવ સેક્સ ઔર ધૌખા', અલીગઢ અને 'ભીડ' જેવી ફિલ્મોથી રાજકુમાર રાવની એક ચોક્કસ જગ્યા ઊભી થઈ છે પણ તેથી તે સ્ટાર નથી બની ગયો. રાજકુમાર પોતે પણ જાણે છે કે દરેક માટે સફળતા એક જ પ્રકારની હોતી નથી. જેની ફિલ્મો થિયેટરમાં રિલીઝ થાય તેના માટે પણ સામે શાહરૂખ, રણબીર કપૂરથી માંડી વરુણ ધવન સામે ટક્કર લેવાની હોય છે. આવા સંજોગોમાં સારા અભિનયની પ્રશંસા મળે તો તેને પોતાના ખાતામાં જમા કરી લેવાની દરેક ફિલ્મોથી દરેકની તિજોરી કરોડોની થતી નથી.

રાજકુમાર રાવ અત્યારે 'શ્રીકાંથ' ફિલ્મ પર મોટો દાવ લગાડીને બેઠો છે. એ ફિલ્મમાં 'પાપા કહતે હૈ બડા નામ કરેગા' ગીત નવા સંગીત સાથે સમાવાયું છે. એ ગીતના લોન્ચ વખતે સ્વયં આમીર ખાન આવ્યો હતો. 'શ્રીકાંથ' ફિલ્મ શ્રીકાંત બીલ્લાની બાયોપિક છે. આજે તો મોટો ઉદ્યોગપતિ છે પણ ઉદ્યોગપતિ બનવા સુધીની તેની દાસ્તાન લોક માટે પ્રેરણાદાયી બને તેવી છે. રાજકુમાર રાવે બાયોપિક માટે થતી જાહેરાત કરી છે. આજકાલ ઘણી બાયોપિક બની રહે છે તેમાં પ્રેક્ષકો માટે આ કેટલી જૂદી અને મનોરંજક બની છે તે હવે કસોટીએ ચડશે. રાજકુમાર કહે છે કે આ ફિલ્મ એકદમ ઈન્સાપયરીંગ બની છે. આ પ્રકારની વાર્તા અગાઉ કોઈએ જોઈ ન હશે. શું ખરેખર આમ વાત છે? ફિલ્મ રજૂ થયા પછી લોકો રજૂ થયા પહેલાં શું કહેવાયું તે બહુ યાદ નથી રાખતા, તેમની સામે તો ફિલ્મ હોય છે. પણ આ ફિલ્મના નિર્માતા ભૂષણકુમાર છે. એટલે જરૂર કહી શકો કે તે 9 પ્રેક્ષકોને આહવાન કરશે. અલબત્ત, અત્યારે ગરમી ખૂબ છે અને આઈપીએલની સિરીઝ ચાલી રહી છે. રાજકુમાર કહે છે કે અમારા માટે ફિલ્મો ક્યારે રજૂ થશે તેની પસંદગી બહુ નથી હોતી. જ્યારે પણ રજૂ થાય ત્યારે પ્રેક્ષકોને ગમે એ પહેલી વાત હોય છે. બલરાજ શાહની, મન્નાડે, નરગીસ નૌશાદ, પ્રેમધવન, રાજકુમાર રાવની જર્ની રહી તો છે સારી. તેણે અપેક્ષા નહોતી કરી એટલી સફળતા મળી છે. શરૂમાં તે પોતાને હીરો તરીકે વિચારી શકે તેમ ન હતો. પણ હવે તેને હીરો તરીકે જ ફિલ્મો મળે છે. રાજકુમાર કહે છે કે મેં પ્લાસ્ટિક સર્જરી કરાવી હોવાની અફવા ઊડે તેનોય અર્થ એટલો જ કે હું ગોસીપને યોગ્ય ગણાવા લાગ્યો છું.

કદાચ આ બધા કારણે જ તેને ધર્મા પ્રોડકશન્સની 'મિસ્ટર એન્ડ મિસીસ મારી' ફિલ્મ પણ મળી છે. એ ફિલ્મ ફરી પાછી બાયોપિક જ છે અને તે મહેન્દ્રસિંહ ધોનીની. હા તેના શીર્ષકમાં મિસીસ માહીનું પણ મહત્ત્વ સ્વીકારાયું છે અને એ ભૂમિકા જ્હાન્વી કપૂર કરે છે. રાજકુમાર રાવ કહે છે કે જ્હાન્વી ખૂબ જ સારી અભિનેત્રી છે. એટલે ફિલ્મ જોવાનો ચાર્મ વધુ જશે. આ ફિલ્મ મેના અંતમાં જ રજૂ થવાની છે. મતલબ કે એક જ મહિનામાં બે ફિલ્મ રજૂ થશે. 2023માં 'ભીડ' પછી તે 'ગન્સ એન્ડ ગુલાબ્સ' નામની વેબ સિરીઝમાં જરૂર વેલો અને 'એન્સેસ્ટ્રલ' ફિલ્મ પણ આવી ગઈ. રાજકુમાર માટે કદાચ આ 'શ્રીકાંથ' જ મોટી ફિલ્મ છે અત્યારે તો બાકી તે 'સ્ત્રી-2' પરી થવાનીય રાહ જુએ છે. જે ફિલ્મની સિક્વલ બને તે ખાસ હોય છે. સલમાનખાન, અજય દેવગણ વગેરેની ફિલ્મોની સિક્વલ બને છે તો તેમાં રાજકુમાર પણ નામ ઉમેરવા જેવો થયો છે.

રાજકુમારની ફિલ્મ પ્રેક્ષકોને એ વાતની તો ખાતરી આપતી જ હોય છે કે તે વિષયની રીતે ઈન્ટરેસ્ટિંગ હશે. ટોપ ફિલ્મો વિષય બાબતે બહુ સાહસ નથી કરી શકતી. રાજકુમાર કહે છે કે તેમની અને અમારી તુલના ન થઈ શકે. સ્ટારડમ એક જૂદી વાત છે પણ દરેક અભિનેતા પાસે લોકોની અપેક્ષા જૂદી હોય છે. આટલાં વર્ષે લોકો હવે મારી ફિલ્મ પાસે એક ખાસ અપેક્ષા રાખતાં થયાં છે અને હું તે પ્રમાણે કામ કરવા મથામણ કરું છું. તે તેની આવનારી ફિલ્મમાં બચપન કા 'પ્યાર'ને પણ ખાસ ગણાવે છે, જેમાં તેની સાથે વાણી કપૂર છે અને હા, 'વિકી વિદ્યા કા વો વાલા વિડીયો'માં તો તૃપ્તિ ડિમરી છે. ડિમરી આજકાલ સેન્સેશનલ પુરવાર થયેલી છે. એટલે રાજકુમાર પોતે પણ આ ફિલ્મની રાહ જુએ છે. બાકી કરણ શર્મા દિગ્દર્શિત એક ફિલ્મમાં તે વામિકા ગબ્બી સાથે જોડી જમાવવાનો છે. રાજકુમાર કહે છે કે મારી એક ખાસ જગ્યા બની છે તેનાં કારણોમાં મારા દિગ્દર્શકો પણ છે. તે હંસલ મહેતાને ખાસ યાદ કરે છે અને હંસલ મહેતાના દિગ્દર્શનમાં 'કેન એન્ડ એબલ' નામની જે ફિલ્મ બનવાની હતી તે ન બની શકી તેનો અફસોસ કરે છે. પછી પોતાને જ સમજાવતો હોય એમ કહે છે કે દરેક ફિલ્મ બની ન શકે, જે ફિલ્મો આપણને બનાવી શકે તેને જ અગત્યની માનવી. ●